

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ભ્રષ્ટાચાર ભેદી, સુરક્ષા ચોરાઈ જાય છે,*
*શ્રદ્ધા-વિશ્વાસનાં કાળજાં કોરાઈ જાય છે.*
*હરણ થાય છે 'સીતા'રામનની નિષ્ઠાનું*
*ચોર ચોકીદાર જૂઠથી ઘેરાઈ જાય છે*
*(રાફેલ દસ્તાવેજ પણ ઉડયા)*

### હાઈકુ

*શોધી જ લે છે*
*પાપનું વાછરડું -*
*ભ્રષ્ટ માતાને...*

*ચૂંટણી માં જ*
*લોકો લેશે હિસાબ*
*ચૂન ચૂન કે*

### ચિંતન

***કેશો કહા બિગાડીયા ? જે મુંડે સૌ બાર,***
***મનો કાહે ન મુંડિયે ? જા મેં વિષય વિકાર***

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**તમારા માથાના કેશ એટલે વાળનો શો વાંક છે ? તેણે તમારું શું બગાડ્યું છે કે જેથી તમે તેના પર વેર લેવાની માફક મુડાવામાં જ ધર્મ સમાપ્ત થતો માનો છો ? મુંડવું હોય તો મનને મુંડો કે જેમાં વિષય વિકાર ભરેલા છે. તેઓ મનુષ્યને કહે છે કે બહારથી સાધુનો વેષ ધારણ કરનારા ઘણા ઢોંગીઓ વિષય વિકારથી ભરપૂર છે. મનરૂપી મસ્તક પરથી વિકારરૂપી કેશ મુંડવાની તેમને જરૂર નથી લાગતી એવા ઢોંગીઓથી ચેતજો.**

**હતાશા - નિષ્ફળતાથી ક્યારેક સ્મશાન વૈરાગ્ય આવી જાય અને હતાશામાં માણસ ઘરછોડી સાધુ - સન્યાસી થાય છે - એ સાચો વૈરાગ્ય નથી મનમાં વાસનાઓ ભરી પડી હોય છે. માત્ર માથું મૂંડાવવાથી કે ભગવાં પહેરવાથી સંન્યાસી થવાતું નથી.**

**ત્યાગ વિના સાચો વૈરાગ્ય આવતો નથી મનના વિકારોનું મૂંડન થવું જરૂરી છે.**

### સુવિચાર

- જેનું જીવન પ્રયોગાત્મક હોય અને જે સ્વયં ઉપર પ્રયોગ કરે તે મહાત્મા - **અખંડ આનંદ**
- સુંદર સત્ય ને થોડા શબ્દોમાં કહો પણ કુરુપ સત્ય માટે કોઈ શબ્દ ન વાપરો - **ખલિલ જિબ્રાન**
- ખેતરમાં વાવેલા બી કંઈ બધા જ ફળતા નથી,
  પરંતુ જીવન ઉપવનમાં વાવેલાં સત્કર્મોનું એક પણ બીજ નકામું જતું નથી - **એક. ભટ્ટાચાર્ય**
- સફળતા જબરદસ્ત આવડત ને બદલે સમયસર કેળવેલી સમજણ પણ વધારે નિર્ભર હોય છે - **રતન તાતા**
- પ્રેમ શક્તિને પચાવવાની દવા છે અને દયા શક્તિની માદક અસરને રોકવાનો રામબાણ ઈલાજ છે - **સાધુ વાસવાણી**
- જે બીજમાં સંભાળના જુએ છે, તે અત્યંત બુદ્ધિશાળી છે - **લાઓત્સે**
- આજનું ઔષધ : કૉલેરાા દર્દીના પેટ તથા પેઢુ ઉપર ઠંડા પાણીમાં ભીંજવેલો ટુવાલ રાખવાથી ફાયદો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રવિશંકર મહારાજ કપડવંજના પ્રવાસે હતાકત્યાં એમને જમીનદાર ઠાકોર ભૂપેન્દ્રસિંહ મળ્યા. ઠાકોર અફીણના વ્યસની હતા. રવિશંકર મહારાજે તેમને સમજાવ્યા અને ઠાકોર પણ અફીણ છોડવા તૈયાર થયા. પંદર દિવસ પછી મહારાજ પેલા ઠાકોરને મળવા ગયા. ત્યારે ઠાકોરે કહ્યું, 'જો જો હવે કોઈને અફીણ છોડવાનો ઉપદેશ ન આપતા, તમે તો કોઈને મારી નાખશો.' મહારાજે કહ્યું, 'ઠાકોર સાહેબ, અફીણ તો નુકશાનકારક છે એ છોડવા માટે આપને કહેલું એમાં મારી નાખવાની વાત કયાં આવી ?' અરે મહારાજ તમારી વાત માની ને મેં અફીણ છોડી તો દીધું પણ બીજે દિવસથી મને ખૂબ ઝાડા થવા લાગ્યા, બોલવા-ચાલવાના હોશ ન રહ્યા, લગભગ બેભાન જેવો થઈ ગયો અને ઈશારાથી ઘરવાળાને સમજાવ્યા કે અફીણ ખવડાવો, ઠકરાણાએ અફીણ આપ્યું ત્યારે માંડ હોશ આવ્યા. મહારાજ આવી વાત સાંભળી ગુસ્સે થઈ બોલ્યા, 'ઠાકોર, અફીણ ખાધા વગર મરી ગયા હોત તો દુનિયામાં તમારા વિના શું ખાટું મોળું થઈ જવાનું હતું ? ક્ષત્રિય બચ્ચા થઈને ટેક પાણી ન શક્યા ત્યારે ક્ષત્રિય શઆના? અફીણ જેવી ચીજ તમને હરાવી ગઈ ? એના વિના તમે મરવા પડ્યા ? તમે, તો ક્ષત્રિયપણું લજવ્યું, હવે તમે જીવતા હો કે મરેલા બંને સરખું જ છે. જો તમે વીર હોત તો જીતત, પણ તમે હાર્યા અને અફીણ જીત્યું.' રવિશંકર મહારાજની વાત સાંભળી ઠાકોરને એવું શુરાતન ચડ્યું કે અફીણનો દાબડો ફેંકી દીધો. પછી તેમને કોઈ ઝાડા થવાની કે ચક્કર આવવાની તકલીફ ન થઈ. કારણ કે આ વખતે દઢ સંકલ્પનું બળ તેમની સાથે હતું.

# ઉજજવળ આવતીકાલની કસોટી

**તંત્રીસ્થાનેથી...**

દેશ અનેદુનિયામાં બનતી તમામ નાની-મોટી ઘટનાઓ કરતાં આપણાં વહાલાં બાળકો બોર્ડની પરીક્ષા આપી રહ્યાં છે એનું મહત્ત્વ વધારે હોવું જોઈએ. કમનસીબે આપણે રાજકીય કાવાદાવા અને ચૂંટણી જેવા મુદ્દાઓને વધારે પડતું વજન આપી આપણા જ પગ પર કુહાડા મારતા રહ્યા છીએ. બગડી ગયેલી, ફાટી ગયેલી ચા જેવું આપણું રાજકારણ અને રોજેરોજ આપણા સંસ્કારોને શરમજનક સ્થિતિમાં મૂકી દેતી સામાજિક દુર્ઘટનાઓને આપણે બિનજરૂરી મહત્ત્વ આપી આપણું સ્ટ્રેસ જ વધારતા રહીએ છીએ. જે બગડી ગયું છે તે રાતોરાત સુધરવાનું નથી. ઢોળાઈ ગયેલા દૂધ પર આંસુ સારવાથી કોઈ જ અર્થ સરવાનો નથી. છતાં આપણા કાન હરહંમેશ એવી ક્ષુલ્લક બાબતોનું જ પગેરું લેતા રહે છે અને આંખ સામે એવાં જ દશ્યો તરવરવાં રહે છે. કોઈ એક પાર્ટી અથવા નેતા યેનકેન પ્રકારેણ એની સત્તા ટકાવી રાખવા મનઘડંત વાણીવિલાસ કરતા રહે, સામે પક્ષે સત્તાથી વિમુખ રહેલા તરસ્યા ડાંસ વિપક્ષો એમનાં ગાણાં ગાતા રહે ત્યારે એવા બેસૂરા ઘોંઘાટમાં સીધી લીટીના માણસને તો કંટાળો જ આવે. ઊબકા આવે એ હદે વિકૃત બની ગયેલા રાજકારણ માટે આપણને સૂગ જ જન્મવી જોઈએ. એ જુદી વાત છે કે એના પાયામાં આપણી નાગરીક તરીકેની ઘોર બેજવાબદારી અને સ્વકેન્દ્રિત અભિગમ પડેલાં છે. આપણને લોકશાહીનાં મૂલ્યો વિશે વિચારવાનું સૂઝ્યું જ નહીં. ક્યારેક જ્ઞાતિ તો ક્યારેક ધર્મ-સંપ્રદાય વહાલાં લાગ્યાં. આથી નાગરિક તરીકેનો ધર્મ આપણે ચૂકી ગયા જેનો સીધો લાભ મીંઢા રાજકારણીઓને મળતો રહ્યો છે. આ પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે આપણને હવે રાજકારણીઓનાં ભાષણો કે નિવદનો પર ભરોસો ન જ રહે તે સ્વાભાવિક છે. એ કહે શું અને કરે શું - એનું કંઈ જ નક્કી નહીં. એ જે કંઈ કહેશે તે માત્ર પોતાના સ્વાર્થની જ સાધના હશે. એમાં માત્ર અર્ધસત્ય હશે. જયારે કોઈ તટસ્થ મીડિયા સત્યને ચહેરો ખુલ્લો કરવા મથશે ત્યારે એ ઊહાપોહ મચાવી દેશે. સાચા દસ્તાવેજો સરકારી રાહે જ કે સરકારમાં બેઠેલા અધિકારીઓ દ્વરા બહાર પગ કરી જાય ત્યારે સરકાર પાછી એના પ્રશાસન દ્વારા સત્ય જાહેર કરનારા પત્રકારો પર પસ્તાળ પાડે એ લોકશાહીની વિડંબના જ ગણાય. શહીદોના નામે અને સેનાના શૌર્યના નામે સત્તા ટકાવવાની મથામણ થાય તે નરી કાયરતા છે. પક્ષપલટા કરાવી સામા પક્ષ પ્રત્યે પ્રજામાં અવિશ્વાસ કે સૂગ ઊભી કરાવાય તે પણ એક પ્રકારનો ભ્રષ્ટાચાર જ છે. આવી ધૃણાસ્પદ પરિસ્થિતિમાં પ્રજાજનોએ પોતાની તરુણ પેઢી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવું એ જ તરણોપાય છે. જે બગડી ગયું છે એનો વલોપાત છોડો. જે શુદ્ધ છે એમાં ભેળસેળ ન થાય, એની કાળજી રાખો. આજે બોર્ડની પરીક્ષામાં બેઠેલી તરુણાઈ જ આવતીકાલનું અજવાળું બની શકે એમ છે. એ શક્યતાને સંકોરવા કટિબદ્ધ થઈએ. સૌ પરીક્ષાર્થીઓ અને એમના વાલીઓને અંતઃકરણની શુભકામનાઓ. શિવાસ્તે પન્થાનઃ !

# કામ ઐસા કરો કી નામ હો જાય...



### ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા

**કામ ઐસા કરો કી નામ હો જાય**
**વરના નામ ઐસા કરો કી નામ લેતે હી કામ હો જાય**

**- વન્સ અપોન અ ટાઈમ ઈન મુંબઈ**

ઈ.સ. ૨૦૧૦માં આવેલી આ ફિલ્મ કલ્ટ કલાસિક હતી. મિલન લુથારીયા દિગ્દર્શિત આ ફિલ્મમાં અજય દેવગન અને ઈમરાન હાશ્મિ હતા. ભૃગુ બ્રિન્દા નામક સંવાદ લેખકે આ ફિલ્મના ધાણીફુટ સંવાદો લખ્યા હતા. રજત અરોરા, ભૃગુ બ્રિન્દા અને અદિતી મેદીરતા આ ત્રણેયની તિકડીએ અદ્ભૂત કથા-પટકથા અને સંવાદ લખ્યા હતા.

તેમાં પણ વળી અજય દેવગનનો ખલીશ ભર્યો અવાજ, તેના અવાજમાં બોલાયેલ સંવાદોએ 'સુલતાન મિર્ઝા' ને અમર કરી દીધો હતો... આ સંવાદ જીવનમાં સફળતા મેળવવા માટે બે વસ્તુ મહત્ત્વની છે, તે સમજાવે છે - નામ અને કામ.

જો નામ મોટું હોય તો કામ પોતાની મેળે જ થઈ જાય છે, અને જો કામ મોટું કરીએ તો નામ આપોઆપ થઈ જાય છે.

પંચતંત્રના ત્રીજા અધ્યાયમાં આ જ વાત વર્ષો પહેલાં કરી દેવામાં આવી છે.

**વ્યપદેશેન મહતા સિદ્ધિઃ સઞ્જાયતે પરા ।**
**શશિનો વ્યપદેશેન વસન્તિ શશકાઃ સુખમ્ ॥**

મોટા નામથી મોટું કામ થાય છે, ચંદ્રમાના નામથી સસલાઓ આરામથી રહે છે.

શશાંક - ચંદ્રમાં સસલાનું બિંબ હોય છે, અને માટે જ ચંદ્રનું બીજું નામ શશાંક છે, શશક અંક. સસલું ભલે નાનું પ્રાણી હોય, પરંતુ ચંદ્ર જેવા મોટા નામ સાથે જોડાતા જ તે પણ 'શશાંક' કહેવાય છે.

આશરે ત્રીજી શતાબ્દી પૂર્વ જેનો સમય મનાય છે, 'તે પંચતંત્ર' જેવા સંસ્કૃત સાહિત્યનાં સમૃદ્ધ ગ્રંથમાં આ વાત કહેવામાં આવી છે.

આજે બે જ પરિસ્થિતિમાં વ્યક્તિ ઊભો રહી શકે છે, આ સત્ય આપણે સહું જાણીએ છીએ - પરંતુ હજારો વર્ષ પહેલાં કહેવાયેલા આપણા ગ્રંથોના આર્ષ વચનો કેટલા સટીક હતા, તે જાણીને સાનંદાશ્ચર્ય થાય છે.

- jayuoza@gmail.com, Mo. 9898046488

# રવિવારે ગુજરાતી નવલકથા વિષયક સાહિત્યિક પરિસંવાદ



### સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્ત સંચય

● વિસરાતી જતી ગરવી ગુજરાતી ભાષામાં લોકોનો ઊંડો રસ કેળવાય અને ગુજરાતી સાહિત્યનો વ્યાપ વધે અને લોકો માતૃભાષા ગરવી ગુજરાતીમાં માતબર ખેડાણ કરે તે હેતુસર કાર્યકરતી સંસ્થા, ગાંધીનગર સાહિત્યસભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે, ગુજરાતી નવલકથાનાં ૧૫૦ વર્ષ વિષયકનો એક સાહિત્યિક પરિસંવાદ તા. ૧૦-૩-૧૯ ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે, યુથ હોસ્ટેલ, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા અને નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાન્ત સુથારના અતિથિ વિશેષપદે યોજવામાં આવેલ છે. આ પરિસંવાદના ઉદ્ઘાટક વિષ્ણુભાઈ પંડ્યા (અધ્યક્ષ) ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર) પરિસંવાદનું ઉદ્ઘાટન કરશે. સ્વાગત પ્રવચન પ્રમુખ નટવર હેડાઉ કરશે અને સંસ્થાનો પરિચય ઉપપ્રમુખ સંજય થોરાત આપશે. ગાંધીનગરના સાહિત્યકારોના પુસ્તકોનું લોકાર્પણ કરવામાં આવશે. જયારે જાણીતા સાહિતયકાર અને વિવેચક મણિલાલ હ. પટેલ નવલકથાના ઉદ્ભવ અને વિકાસ તથા વિવિધ પ્રકારો સંદર્ભો શ્રોતાજનો સાથે સંવાદ કરશે. જયારે જાણીતા નવલકથાકાર, કવિ અને નિબંધકાર કિશોરસિંહ સોલંકી, જનપદી નવલકથામાં ગ્રામ ચેતના સંદર્ભે શ્રોતાઓ સાથે સંવાદ કરશે. જયારે નવલકથાકાર, વાર્તાકાર અને વિવેચક તથા ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી કલ્પેશ પટેલ, ગાંધીનગર નવલકથાકારો સંદર્ભે શ્રોતાઓ સાથે સંવાદ કરશે. અને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રવક્તા મૂળજીભાઈ પરમાર આભારવિધિ કરશે. આ સાહિત્યિક પરિસંવાદમાં મહાનુભાવોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ફક્ત સભ્યોને જ કીટ આપવામાં આવશે.

- muljibhaidadhi@gmail.com

# બુકફેર (રાજકોટ)માં લોકજીવનના ભાતીગળ રંગોની વાતો



### ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

પુસ્તક મેળવાનું આયોજન એ કોઈપણ શહેરને ગૌરવ અપાવે તેવી ઘટના છે. હમેશા આવકારદાયક ગણાય તેવી આ બાબત છે. કેટલાક લોકોની એવી માન્યતા છે કે પુસ્તકોની ખરીદી ઘણી ઓછી થાય છે. પુસ્તકો ઓછા વંચાય છે, પરંતુ આ માન્યતા સંપૂર્ણપણે સાચી લાગતી નથી. અમદાવાદ કે રાજકોટના પુસ્તકમેળાના ઉત્સાહી આયોજકો જે વાત કરે છે તે ઉત્સાહપ્રેરક છે. તેઓ કહે છે કે જે ધારણા હતી તેના કરતા ઘણાં વધારે લોકો પુસ્તકમેળામાં આવે છે. પુસ્તકમેળામાં યોજવામાં આવતા વ્યાખ્યાનોમાં પણ યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. જે એક મહત્વની વાત ગણી શકાય. પુસ્તકોનું વેચાણ પણ સારા એવા પ્રમાણમાં થાય છે. પુસ્તકમેળાના અઘરા આયોજન પછી પણ તેના આયોજકો ભવિષ્યમાં નિયમિત રીતે આવા આયોજનો કરવાનું વિચારે છે. આ બાબત આવા આયોજનની સફળતાનું જીવંત પ્રમાણ છે. રાજકોટમાં પણ 'વાસંતી વાયરા' વચ્ચે પુસ્તક મેળાનું સુંદર આયોજન થયું તે વધાવી લેવા જેવી ઘટના છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા રાજકોટ મહાનગરપાલિકા આપણાં અભિનંદનના હક્કદાર છે. પુસ્તક પરબ કે પુસ્તક મેળાના આયોજનને લોકનો મજબૂત પ્રતિસાદ મળે છે તે સૂચવે છે કે આવા પ્રયાસો કરવાની જરૂર છે. લોકો તો સારી બાબતોને આવકારવા ઉત્સુક હોય છે. આપણેજ એક સમાજ કે તંત્ર તરીકે આવી વ્યવસ્થા કે આયોજનો કરવામાં કાચા પડીએ છીએ. એક સુંદર પંક્તિ જે આપણે વારંવાર સાંભળી છે તેનો ઉલ્લેખ અહીં યથાસ્થાને છે.

ઝમાના તો બડે
શૌખસે સુન રહાથા,
હમહી સો ગયે
દાસ્તાં કહતે કહતે.

લોકોના ઉત્સાહના આવા માહોલમાં પુસ્તકમેળા દરમિયાન લોકજીવન વિશે વ્યાખ્યાન થાય તેવો આયોજકોનો વિચાર યથાર્થ હતો. આખરે તો આવા તમામ જાહેર આયોજનોમાં લોક તેમજ લોકની વાત કેન્દ્રસ્થાને રહે તો સફળતાના વિશેષ સંજોગો સર્જાય છે. લોકજીવનના અનેક ભાતીગળ રંગોની વાતો પદમ શ્રી જોરાવરસિંહ જાદવે કરી તેથી આ બાબત વિશેષ રોચક અને માણવા જેવી બની રહી. જયમલ્લ પરમારથી જોરાવરસિંહ જાદવ સુધીના આ સમયગાળામાં તેમજ તેઓ બન્નેની નિષ્ઠાથી લોકજીવન કે લોકસાહિત્યના સંશોધન – સંવર્ધન તેમજ તેના સુયોગ્ય દસ્તાવેજીકરણનું મહત્વનું કામ થયું છે. કચ્છમાં આવું જ્વલંત કાર્ય દુલેરાય કારાણી જેવા ધૂળધોયા લોકોએ કરેલું છે. આજે પણ લોકજીવનના આ મેઘધનુષી રંગોનું અનેરું આકર્ષણ અનેક લોકોને રહેલું છે. લોકજીવન કે લોકકલાની વાતો લોકોને પોતાના મૂળ સાથે જોડે છે માટે તેનું આકર્ષણ રહે છે.

લોકકલાઓના નવરંગ થાળમાં અનેક કળાઓ છે તેમાં લોકગીતોનું અનેરુ સ્થાન છે. લોકગીત એ સહજ રીતેજ જનજીવનમાંથી પ્રગટ થતી ભાવનાઓ-લાગણીઓની ઉત્કૃષ્ટ રચના છે. તેમાં કળાનું-ભાવનું-લાગણીનું અનોખું ગૂંથણ છે. આ પ્રાચીનતાના સૂરો આપણને પરંપરા દર્શન તો કરાવેજ છે પરંતુ આપણાં વર્તમાન જીવનમાં પણ ભાતીગળ રંગો ઉમેરે છે. લોકગીતો ખરા અર્થમાં આપણી પ્રજાની શાશ્વત સંપત્તિ સમાન છે. હજુ તો ધરતી અષાઢ - શ્રાવણની ભીનાશ ઝીલે ન ઝીલે ત્યાંજ સમીસાંજે સંધ્યાકાળે કે રસઝરતી ચાંદનીના નીતરતા અજવાળામાં ગોપગોવાળો મસ્તીમાં સૂરો છેડે છે.

અમે મૈયારે ગોકુળ ગામના
મારે મહી વેચવાને
જાવા....... મૈયારા રે...... ગોકુળ ગામના.

રાધાજીના ઊંચા મંદિર નીચા મોલ
ઝરુખડે દીવા બળે રે લોલ
રાધા ગોરી ગરબે રમવા આવો
સાહેલી સહુ ટોળે મળી રે લોલ

ગરબાઓ તેમજ લોકગીતોના આ સ્વરોના કોઈ ચોક્કસ રચનાકારો નથી. તેના તળપદા શબ્દોના કોઈ વ્યક્તિગત જનક નથી. દયારામ કે પ્રેમાનંદ પહેલાથી આ સ્વરો અવિરત આવ્યા કરે છે, ઝીલાયા કરે છે. રણજીતરામ વાવાભાઈ મહેતા જેવા વિદ્વાનો આથીજ લોકગીતોના ઉષાકાળને સાહિત્યનો ઉષાકાળ ગણાવે છે. કાકા સાહેબ લખે છે તેમ કૃત્રિમતાનું કવચ આપણે આ લોકસાહિત્યના અધ્યયન તથા પુનરુત્થાનથીજ તોડી શકીશું. સાહજિકતામાં ધબકતું આ સાહિત્ય છે. કારણ કે આખરે તો લોકજીવન પણ સાહજિકતામાંજ ધબકતું રહે છે.

લોકસંગીતનો પણ એક અનોખો દબદબો સતત રહેલો છે. લોકસંગીતના ઢાળને ઝીલીને રચાયેલા કેટલાક ફિલ્મી ગીતો ભારે લોકપ્રિયતાને વરેલા છે તે સુવિદિત છે. લોકસંગીતની પણ એક આગવી અસરકારકતા લોકજીવનમાં જોવા મળે છે. લોકસંગીતના ભાવોને અભિવ્યક્ત કરવામાં પૂરક બને તેવા સાદા વાદ્યો પણ મહદ્અંશે આવી પ્રસ્તુતિમાં વપરાય છે. ઢોલ, ઢોલક, બંસી, પાવો, એકતારો, મંજીરા કે રાવણ હથ્થો જેવા લોકોને સહજ ઉપલબ્ધ તેમજ પ્રમાણમાં ઓછા ખર્ચાળ સાધનોએ લોકસંગીતની પ્રસ્તુતિમાં પ્રાણ પૂર્યા છે. જીવાતા જીવનના વિવિધ વ્યવહારોમાંથી પ્રગટ થતું આ ગીતસંગીત છે અને તેથી તેનો મૂળ સંબંધ સહજતા સાધે છે. બાળકને હાલરડુ ગાઈને સુવરાવતી માતા, નાનાભાઈને જોડકણું સંભળાવીને રાજી કરવા મથતી બહેન, ડુંગરગાળા ગજાવતો આપણો ગોપ-ગોવાળ કે પ્રભાતિયા ગાઈને યશોદા નંદનને જગાડતી દિકરી કે ઘરની લક્ષ્મીના ગળાની મીઠાશ તથા તેની પ્રસન્ન ઊર્મિનો આવેગ આ ગીત-સંગીતમાં સુપેરે ઝીલાયેલા છે. બાળગીતોથી માંડી મૃત્યુ બાદ ગવાતા મરશિયા સુધીનો વિશાળ વ્યાપ લોકસંગીત – લોકગીતોનો છે. દરેક અવસરે તેની પ્રાસંગિક્તા છે. રાજકોટ રેડિયો સ્ટેશનમાં હેમુ ગઢવીના કંઠે ગવાયેલા લોકગીતોની મીઠાશ તથા તેમાંથી પ્રગટ થતા ભાવ આજે પણ જનસમુહ એટલીજ ઉત્કંઠાથી માણે છે. ગુજરાતી ફિલ્મોમાં તો લોકસંગીતે પ્રાણ પૂરેલા છે તેવી વાત ઉપેન્દ્ર ત્રિવેદી અનેક વખત કરતા હતા. જેસલ તોરલ નામની ફિલ્મના ગીતોમાં ઘૂંટાઈને પડેલો ઈસ્માઈલ વાલેરા કે દીવાળીબેન ભીલનો કંઠ સદાકાળ લીલાછમ રહેવા સર્જાયેલા છે.

લોકજીવન સાથેજ જોડાયેલી ખાનપાનની પ્રથાઓનું પણ એક આગવું મૂલ્ય છે. આવા ખાનપાનમાં રોચકતા સાથેજ એક પોષક મૂલ્ય પણ હતું. આજ રીતે લોકોક્તિઓ તેમજ પોષાકના આયોજનમાં પણ લોકજીવનની એક જુદી સોડમ અનુભવી શકાતી હતી. રાજકોટના પુસ્તક મેળામાં લોકજીવનની આવી મનોહર વાતોનું આયોજન યથાર્થ હતું. લોકસમુહે તેને માણ્યું હતું.

# દાંડીની કૂચ પણ સરદારી સત્યાગ્રહને આભારી



### ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજીએ ૨જી માર્ચ ૨૦૧૯ના રોજ દાંડીકૂચ અંગેનો પત્ર તેમના અંગ્રેજ અનુયાયી રેજિનાલ્ડ રેનલ્ડ્સ મારફતે અંગ્રેજ વાઈસરોય અર્વિનને મોકલ્યો પણ આ પત્રનો જવાબ આપવાનું ઔચિત્ય તેમને ટાળ્યું અને પત્ર મળ્યાની પહોંચ રૂપે તેમના અંગત સચિવે પત્ર મોકલ્યો હતો. ગાંધીજીએ આ પત્ર પછી ઊંડું દુઃખ વ્યક્ત કરીને દેશભરમાં દાંડીકૂચની વર્તમાનપત્રો સહિતના માધ્યમથી જાણ કરી.

આમ દાંડીકૂચનો સત્યાગ્રહની લડતનું આખરી પગલું હતું એવી ગાંધીજીની માન્યતાને પણ પ્રજા સમક્ષ લઈ જવાનો એક તંતુ મળ્યો હતો. તંતુના તાંતણે મીઠાના કર સામે 'ના કર' ની લડતથી સમગ્ર દેશને આઝાદીના સંગ્રામમાં જોડી દેવાનો તેમને સંકલ્પ અમલમાં મૂક્યો.

ગાંધીજીએ દાંડીકૂચનો કાર્યક્રમ કંઈ સીધેસીધો ન હોતો અમલી બનાવ્યોય એ પહેલાની અનેક એવી ઘટનાઓ અને પ્રસંગો ઊભા થયા હતા જેને ધ્યાનમાં લેવા જરૂરી છે. જેમ કે ૧૯૨૭માં હિન્દુસ્તાનના રાજય બંધારણમાં 'જવાબદાર રાજયતંત્ર'નો સિદ્ધાંત કેટલે દરજજે દાખલ કરી શકાય એમ છે તેની તપાસ કરવા માટે અંગ્રેજ સરકારે 'સાયમન કમિશન'ની રચના કરી હતી. હિંદના અધિકાર માગણીની ચકાસણી માટે રચાયેલા આ કમિશનમાં એક પણ હિંદી સભ્ય જ ન હતા. સમગ્ર ભારત આની સામે વિરોધમાં હતું. ૧૯૨૮માં જયારે આ કમિશન મુંબઈ આવ્યું ત્યારે 'સાયમન ગો બૅક'ના નારા સાથે સમગ્ર દેશે તેનો ભરચક વિરોધ કર્યો. ઉપરાંત વિવિધ રાજકીય અગ્રણીઓએ ડીસેમ્બર ૧૯૨૯ સુધીમાં ભારતનું સ્વાતંત્ર્ય ધ્યેય કાયમ રાખીને જો સાંસ્થાનિક સ્વરાજ બ્રિટીશ પાર્લામેન્ટ ન સ્વીકારે તો કોંગ્રેસ અહિંસક અસહકાર આંદોલન અને 'ના - કર'ની લડતનો આશરો લેશે એવી સ્પષ્ટ ચીમકી આપી હતી.

**૧૯૨૩ પછી અહિંસક લડતની ડગી ગયેલી શ્રદ્ધા બારડોલી સત્યાગ્રહે પુર્નજીવીત બનાવી**

આ ઉપરાંત ગોળમેજી પરિષદમાં પણ જો બ્રિટીશ સરકાર ચાર શરતો સ્વીકારે તો જ હાજર રહેવાની તૈયારી કોંગ્રેસે બતાવી હતી. જે શરતોમાં તમામ રાજદ્વારી કેદીઓને મુક્ત કરાયા, સંસ્થાનિક સ્વરાજયનો સ્વીકાર કરતું બંધારણ, ગોળમેજી પરિષદમાં કોંગ્રેસને મહત્ત્વ અને બંધારણના મૂળ તત્ત્વોનો તત્કાળ અમલ કરવાની બાબત હતી.

આ ઉપરાંત ૧૯૨૯માં રાવી નદીના કાંઠે મળેલા કોંગ્રેસ અધિવેશનમાં ગાંધીજીએ રજૂ કરેલા સંપૂર્ણ સ્વતંત્રતાના ઠરાવને મળેલા પ્રચંજ રાજકીય ટેકાની પણ અસર હતી. ગાંધીજીએ 'સંપૂર્ણ સ્વતંત્રતા' એ દેશનો નિર્ધાર છે, કોંગ્રેસ હિંસામાં માનતી નથી પરંતુ ખુલ્લો અને પ્રચંડ અહિંસાત્મક લડત માટે સરકાર તૈયાર રહે એવું આખરીનામું જારી કરી દીધું હતું.

ગાંધીજીએ આ આખરીનામું આપી દીધું એની પાછળ પણ સરદાર પટેલની બોરડાલી સત્યાગ્રહે ગાંધીજીને સ્વાતંત્ર્ય લડત માટેનું બળ પૂરું પાડ્યું હતું એમ કહેવામાં પણ ખોટું નથી. એક તરફ વાઈસરોયની કોઈ પણ શરતોમાં બંધાવાની સ્પષ્ટ ના અને બીજી તરફ પ્રજાની પ્રચંડ આંદોલનની તાલાવેલીમાં ગાંધીને માર્ગ મળ્યો. સરદારી બારડોલી સત્યાગ્રહનો. સરદાર પટેલે અન્યાયી રીતે જમીન મહેસૂલમાં થયેલા વધારા સામે આંદોલનની આગેવાની લીધી. બારડોલી ખેડૂતોએ અજોડ અને અતૂટ સંગઠન શક્તિ બતાવીનો અહિંસક સત્યાગ્રહ કર્યો. જે અંગ્રેજી રાજયને પોતાના શાસન ઉપર ઘમંડ હતું એ ઉતરી ગયું એની ઘટના બારડોલી સત્યાગ્રહે દુનિયાને બતાવી હતી. જે અંગ્રેજોનો સત્તાનો સૂર્યોદય કદી આથમતો નથી એવી ઉક્તિ સરદારે ઢીલી પાડી દીધી હતી. જપ્તી, ચોથાઈ, જેલની સજા, લાખો એકર જમીનને ખાલસા કરવાના પગલાં છતાં ખેડૂતો પાછા હટ્યા નહીં. ખુદ અંગ્રેજ ગર્વનરે ધારાસભામાં લશ્કર-અને તોપ બંધૂકના નાળચે આંદોલન કચડી નાંખવાની ધમકી ઉચ્ચારી પણ પ્રચંડ લોક-તાકાત સામે અંગ્રેજ સરકારને ઝૂકવું પડ્યું. સરકારને સરદારની માગણી મુજબ જમીન મહેસૂલ ફેર તપાસ કરવાનું કમને સ્વીકારવું પડ્યું હતું. જો બારડોલી સત્યાગ્રહ સફળ ના થયો હોત તો દાંડીકૂચનો કાર્યક્રમ કદાચ આપણે જોયો ન હોત. આમ, કહેવું થોડું વધારે પડતું છે પરંતુ જો ઈતિહાસ ચકાસીએ તો સમજાય છે કે ૧૯૨૩માં પછી ગાંધીજીના અહિંસક. સામૂહિક કાર્યક્રમો થકી આઝાદી મેળવવાના પ્રયાસો ઉપર માત્ર પ્રજા જ નહીં પરંતુ જાહેર જીવનના અગ્રણીઓની શ્રદ્ધા પણ ડગી ગઈ હતી. લોકોની આ શ્રદ્ધા પરત મેળવવા અને આઝાદીનું આંદોલન દઢ અહિંસા સાથે આગળ ધપાવવા માટે ભારતના સ્વરાજ આંદોલનને 'બારડોલાઈઝ' કરવાનો વિચાર ગાંધીએ સરદારના બારડોલી આંદોલનને નજર સમક્ષ રાખીને કર્યો હતો એમ કહી શકાય.

અંગ્રેજ સરકાર ગોળમેજી પરિષદની વાતો કરતી હતી અને ગાંધીજી પરિષદ પહેલા તેમની વિવિધ માગણીઓ શરતોરૂપે રજૂ કરીને તે સ્વીકારવામાં આવે તો જ ગોળમેજી પરિષદમાં હાજર રહેવાનું વલણ અપનાવતા હતા. સ્વરાજ પ્રાપ્તિના ઉદ્દેશ સાથે ગાંધીજીને જરા અને જયારે યોગ્ય લાગે ત્યારે સરકાર સામે લડત ઉપાડવાની સત્તા સોંપવામાં આવી હતી. ગાંધીજી વાઈસરોયને આખરીનામું મોકલે અને તેનો યોગ્ય જવાબ ન મળે તો માર્ચ-૧૯૩૦માં સત્યાગ્રહનો નિર્ણય લેવાયો હતો. અને એ પછી દાંડીકૂચની તૈયારીઓ ગાંધીજીએ શરુ કરી દીધી હતી.